ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,

(ગુજરાત સરકારનુ સાહસ)

!!છ રોડ !! જલસેવા ભવન ,એરફોર્સ કચેરીની સામે, સેકટર-૧૦-એ ,ગાંધીનગર પીએબીએકસ ૨૩૨-૪૩૩૩૫,
૨૦૮૫૯, ૨૧૯૬૨, ૨૩૯૪૧ ફેકસ નં .૦૨૭૧૨- ૨૩૨૨૫૯૭૯ વેબસાઇ "www.gwssb.org"

નં. મકમ-૨/વિદેશ પ્રવાસ/ ૩૮૬૨ /૨૦૧૮ તા. ૨૪/૦૭/૨૦૧૮

# પરિપત્ર

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરની મુખ્ય કચેરી તેમજ તેના નિયંત્રણ હેઠળની ક્ષેત્રિય કચેરીઓમાં ફરજ બજાવતા તેમજ પ્રતિનિયુકિતના ધોરણે ફરજ બજાવતા કર્મચારી/ અધિકારીઓ ધ્વારા અવાર-નવાર વિદેશ પ્રવાસની માંગણીઓ થતી રહેતી હોય છે.

બોર્ડના તા.૨૭/03/૨૦૧૭ ના પરિપત્ર ક્રમાંક/મકમ-૧/ઇસી-૧/૨૦૧૭/૨૮૨ થી કર્મચારી/ અધિકારીઓની રજાઓનો સમય શરૂ થયાના ૧૫ દિવસ પહેલા બોર્ડ કચેરીને આવા પ્રકારની રજાઓની અરજીઓ મોકલી આપવા જણાવવામાં આવેલ હતું.

પરંતુ અનુભવે જણાયેલ છે કે, આ ૧૫ દિવસની મર્યાદામાં વિદેશ પ્રવાસની પરવાનગી જેવી મહત્વની બાબતની વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરવામાં ઘણી મુશ્કેલી રહે છે. કારણ કે તેમાં શનિ,રવિ ઉપરાંત કયારેક અન્ય જાહેર રજાઓ પણ આવતી હોય છે તેમજ વિવિધ શાખાઓમાંથી કર્મચારીની તપાસ અંગેની તેમજ નોકરી અંગેની અન્ય જરૂરી માહિતી મેળવવાની રહેતી હોય છે જેમાં પણ કેટલાક કિસ્સાઓમાં ઘણો સમય પસાર થતો હોય છે.

વધુમાં જો કોઇ કિસ્સામાં કોઇ કચેરી કે શાખા પાસે પૂરતી માહિતિ ન હોય તો અન્ય કચેરી/ બ્રાન્ચ કે તાબાની કચેરીમાં તેનું પૂછાણ કરવું પડતું હોય છે. આ સંજોગોમાં માત્ર ૧૫ દિવસના ટૂંકા ગાળામાં વિદેશ પ્રવાસની અરજી ઉપર નિર્ણય લેવામાં ખૂબ અગવડતા રહે છે અને જેને કારણે કોઇ કિસ્સામાં સમયસર નિર્ણય ન લઇ શકાતા અરજદાર પક્ષે પણ અગવડતા ઉભી થતી હોય છે. આ સંજોગોમાં ઉપરોક્ત પરિપત્રની દિવસ-૧૫ની મર્યાદામાં ફેરફાર કરવાનું ઉચીત જણાયેલ હોઇ હવે પછી વિદેશ પ્રવાસની રજાની અરજી સૂચિત રજાઓ શરૂ થવાના ઓછામાં ઓછા ૩૦ ચાલુ કામકાજના દિવસ પહેલા (એટલે કે રજાના દિવસો બાદ કરતા) યોગ્ય સાંકળ મારફત બોર્ડ કચેરીમાં મળી રહે તે રીતે અત્રે મોકલી આપવાની રહેશે. જેથી વિદેશ પ્રવાસ અંગેની રજા અરજી પરત્વે વિવિધ શાખાઓનો અભિપ્રાય અને નોકરી અંગેની વિગતો/માહિતિ મેળવવામાં અનુકૂળતા રહે તેમજ સમય મર્યાદામાં સક્ષમ કક્ષાએ યોગ્ય નિર્ણય લેવા માટે અરજી/નોંધ રજૂ કરી શકાય.

વધુમાં જણાવવાનું કે, બોર્ડ કચેરીની પૂર્વમંજૂરી વગર વિદેશ પ્રવાસ કરવો એ અત્યંત ગંભીર ગેરશિસ્તની બાબત ગણાય. આ પ્રકારના કિસ્સાઓમાં કર્મચારી/અધિકારીની રજાઓ મંજુર કરવામાં આવશે નહી. તેમજ જો આ પ્રકારના કોઇ કિસ્સાઓ ધ્યાને આવશે તો ગંભીર શિસ્ત વિષયક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ લેવા જણાવવામાં આવે છે. વિદેશ પ્રવાસ અંગેની દરખાસ્તોમાં જે તે ક્ષેત્રિય કચેરીઓ ધ્વારા વિલંબ ન થાય અને બોર્ડ કચેરીને ઉપર જણાવ્યા મુજબ નિર્ણય અર્થે ચોખ્ખા ૩૦ દિવસ મળી રહે (રજા સિવાયના) તે રીતે દરખાસ્ત મોકલી આપવાની કાર્યવાહી અચૂક કરવાની રહેશે. અન્યથા આવી અરજીઓ ધ્યાને ન લેતા દફતરે કરવામાં આવશે જેની સર્વે કર્મચારી/ અધિકારીઓએ નોંધ લેવા વિનંતી છે.

આ પરિપત્રનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

માન.સભ્ય સચિવશ્રીના આદેશથી..

Office of the Chief Engineer (Mechanical) G.W.S.S.B. Gandhinagar.
૨૧૩૨
૩૦/૭/૧૮
૨૭/૭/૧૮

(મુનીર વ્હોરા)
મુખ્ય વહીવટી અધિકારી

(૩)

નકલ જયભારત સહ રવાના:-

- માન.સભ્યસચિવશ્રીના અંગત મદદનીશ,બોર્ડ કચેરી, ગાંધીનગર
- મુખ્ય ઇજનેરશ્રી (સર્વે). (માહિતી અર્થે)
- સંયુકત નિયામકશ્રી, જીજેટીઆઇ, ગાંધીનગર
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વાસ્મો/જીડબલ્યુઆઇએલ, ગાંધીનગર
- અધિક્ષક ઇજનેરશ્રી (સર્વે).
- કાર્યપાલક ઇજનેરશ્રી (સર્વે).
- બોર્ડની મુખ્ય કચેરીની સર્વે શાખા.
- માસ્ટર ફાઈલ/કા.આ.ફાઈલ.